## કેન્દ્રમાં કોણ ?

જૂગતરામ દવે એ ‘સુ-શિક્ષકો પોતાનું કામ કેવી રીતે કરે છે ?’ તે અંગેનું માર્ગદર્શન આપતું એક સુંદર પુસ્તક લખ્યું છે. જેનું નામ છે ‘‘અધ્યાપન કળા.’’ દરેક શિક્ષકે તે વાંચવું જોઈએ.

આ પુસ્તકમાં તેઓ પ્રશ્ન કરે છે - કેન્દ્રમાં કોણ ?

કેન્દ્રમાં શિક્ષક? શિક્ષણનો વિષય ? શિક્ષણનાં સાધનો ? શાળાનાં મકાન? શિક્ષણની પદ્ધતિ? કે પછી બાળક ?

આવતી કાલની કેળવણીની દિશા સૂચવતા જૂગતરામ કાકા લખે છે : દરેક વિદ્યાર્થી પોતપોતાની રીતે પોતપોતાની ગતિમતિને અનુસરીને પ્રગતિ કરી શકે એવી સગવડ તેને કરી આપવી પડશે.

‘શિશુમિલાપ’ વડોદરા જિલ્લાની કેટલીક પ્રાથમિક શાળામાં પ્રવૃત્તિ દ્વારા વિજ્ઞાન શિક્ષણ માટેનો ‘અધ્યેતાકેન્દ્રી વિજ્ઞાન શિક્ષણ કાર્યક્રમ’ ચલાવે છે.

કોણ જાણે કેટ કેટલા પોપટનું બાળપણ આજે કહેવાતા શિક્ષણના નામે છીનવાઈ રહ્યું છે ! આ નાનકડી વાર્તા સૌ કોઈ સંવેદનશીલ નાગરિકો, કર્મશીલો, શિક્ષકો - શિક્ષણશાસ્ત્રીઓને સચિંત અને સક્રિય કરે તેવી આશા છે.

- શિશુ મિલાપ

# પોપટ

રવિન્દ્રનાથ ઠાકુર

અનુવાદ : દીપ્તિ રાજુ



શિશુ મિલાપ - વડોદરા

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ દ્વારા ‘રાષ્ટ્રીય સાક્ષરતા મિશન’ના સહયોગથી થયેલું.

‘જન વાચન આંદોલન’ હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા-લખવામાં રસ પેદા કરવાનો છે.

પોપટ : રવિન્દ્રનાથ ઠાકુર

**Popat : Rabindranath Thakur**

અનુવાદ : દીપ્તિ રાજુ

સર્વાધિકાર સુરક્ષિત

ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ

પુસ્તકમાળાના સંપાદક : અરવિન્દ ગુપ્તા

કાર્યકારી સંપાદક : સંજય કુમાર

રેખાંકન : અવિનાશ દેશપાંડે

લેસર ગ્રાફિક્સ : અક્ષર નિર્માણ, અમદાવાદ

મુદ્રક : હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ

પ્રકાશન : સપ્ટેમ્બર ૧૯૯૮

કિંમત : ૫.૦૦ રૂપિયા

પ્રકાશક :

શિશુ મિલાપ,

૧ શ્રી હરી એપાર્ટમેન્ટ,

એક્ષપ્રેસ હોટલ પાછળ,

અલકાપુરી, વડોદરા- ૩૯૦૦૦૭

ફોન : ૦૩૬૫-૩૪૨૫૩૯

# પોપટ



રવિન્દ્રનાથ ઠાકુર

અનુવાદ ૦ દીપ્તિ રાજુ

# પોપટ

એક પક્ષી હતું. એ ઘણું મૂર્ખ હતું. ગાતું'તું ખરું, પણ ભણતું ન હોતું. - શાસ્ત્રો નહોતું વાંચતું. ઉછળતું'તું, ઉડતું'તું ખરું, પણ કાયદા કાનૂન શાને કહેવાય એની એને ખબર નહોતી.

રાજાએ કહ્યું, "આવું પક્ષી શા કામનું? જંગલના ફળ ખાય અને બજારના મોંઘા ફળને નુકસાન પહોંચાડે?

રાજાએ મંત્રીને બોલાવ્યા અને આદેશ કર્યો, 'આ પક્ષી ને જરા શિક્ષણ આપો.'

અને આ પક્ષીને ભણાવવાની જવાબદારી સોંપાઇ તેમના ભાણીયાઓને.





પંડિતોની સભા મળી.

ખૂબ સારી ચર્ચા વિચારણા થઈ. ઘણો સળગતો સવાલ હતો. 'પક્ષી કેમ અભણ છે?' તે વાત પર ઘણી ચર્ચા થઈ.

મોટા મોટા પંડિતોએ ચર્ચામાં ભાગ લીધો. બધાએ એક અવાજમાં કહ્યું કે આ પક્ષી નાનો માળો બનાવે છે. તે માળો એટલો નાનો છે કે તેમાં વિદ્યા જેવી ભારેખમ વસ્તુ રાખવાની જગ્યા જ ક્યાં છે? એટલા માટે સૌથી પહેલી જરૂર એ છે કે પક્ષી માટે એક પાંજરું બનાવવામાં આવે.

રાજપંડિતોની સલાહ એકદમ અનોખી જ હતી. એમને ખૂબ દક્ષિણા મળી અને તેઓ અનહદ ખુશ ખુશ થઈને પોત પોતાના ઘેર ગયા.



સોની બેઠો પાંજરૂં બનાવવા. પાંજરૂ એવું તો અદ્‌ભૂત બન્યું કે દેશ-પરદેશના લોકો - કે જેઓ સૌંદર્યના પારખુ હતા, તે પિંજરાને જોવા તૂટી પડ્યા. કો'કે કહ્યું શિક્ષણની તો હદ થઇ ગઇ! કોઇ કે કીધું શિક્ષણ નહિ, તોય શું, પિંજરૂં તો બની જ ગયું છે! પક્ષીના નસીબનો બધો ચમત્કાર છે.

સોનીને થેલીઓ ભરી ભરીને બક્ષીસ મળી. પંડિતો બેઠા પક્ષીને વિદ્યા શિખવવા. છીંકણી સૂંઘતા સૂંઘતા કહેવા લાગ્યા, 'આટલી ઓછી પોથીઓથી કામ નહિ ચાલે પક્ષીને ભણાવવું એ કાંઇ મામૂલી વાત છે?'



આજ્ઞાકારી ભાણીયાઓ તો બસ આજ્ઞાની જ રાહ જોતા હતા. તરત જ પોથી લખવાવાળાને બોલાવ્યા. તેઓ પણ ઓછા આજ્ઞાકરી ન હોતા. તરત જ પોથીઓની નકલનું કામ શરૂ થઇ ગયું હતું. પછી નકલની પણ નકલ, પછી પાછી નકલની નકલની પુનઃ નકલ. જોત જોતમાં પોથીઓનો પહાડ ખડકાઇ ગયો. જેણે પણ જોયું છૂટે મોઢે વખાણ કર્યા. શાબાશ! શાબાશ! વિદ્યા રાખવા માટે તો જગ્યા જ ક્યાં છે? નકલ કરનારાઓને પારિતોષિક મળી ગયા, બળદગાડીઓ ભરી ભરીને.બળદો ઘર તરફ મોઢું કરી દોડવા માંડયા. કોઇના ઘરમાં કશી જ કમી ના રહી.





અતિ કીંમતી પિંજરાની સંભાળ માટે ભાણીયાઓને ખૂબ ચિંતા સતાવતી હતી. એક તરફ ચિંતા અને બીજી તરફ વ્યસ્તતા. તેમના માથે ઘણા કામો હતા. સફાઈનું કામ- સમારકામનું કામ. કામ જ કામ. કુશળતાપૂર્વક અને સુસંગતતાથી. પિંજરાની સાફ-સફાઈ અને ઝમકદાર પૉલિશ જોયા પછી લોકોએ કહ્યું, 'પ્રગતિ તો થઈ રહી છે!'

મોટું કામ વધારે માણસોથી જ પુરૂં થઈ શકે. તેથી એ મોટા કામ માટે રોજ રોજ માણસોની સંખ્યા વધતી ગઈ. તેમની દેખરેખ માટે બીજા માણસો પણ લાવવામાં આવ્યા. તેઓ દર મહિને મોટો મોટો પગાર લઈને ભારે ભારે રજિસ્ટર ભરવા લાગ્યા. રજિસ્ટર ભરાતા જ ગયા... ભરાતા જ ગયા... ભરાતા જ ગયા...



બધા લોકોના મામાના, કાકાના, માસીના, ભાઈઓ હવેલીમાં અને બંગલાઓમાં ગાદીઓ પાથરી આરામથી બેસી ગયા.

સંસારમાં કેટલીયે જાતના અભાવ છે. પણ ટિકા ટિપ્પણી કરવાવાળા નિંદકોની કમી નથી. નિંદક ઘણાં છે- જરૂરથી વધારે. તેઓએ કહ્યું, 'પિંજરાની તો ઉન્નતિ થઈ ગઈ રહી છે પણ પક્ષીની દેખભાળ કરવાવાળું કોઈ નથી.'

વાત ઉડતી ઉડતી રાજા પાસે આવી. તેઓએ સૌથી વધારે જવાબદાર ભાણીયાને બોલાવીને કહ્યું, 'મારા વ્હાલા, આ હું શું સાંભળી રહ્યો છે?'





ભાણીયાએ સહેજભાવે નિવેદન કર્યું, 'મહારાજ આપતો ઈશ્વરની જેમ બધું જ ભાળો છો. પછી પણ જો તમે સચ્ચાઈની ખાતરી કરવા માંગતા હો તો બોલાવો સોનીને, પંડિતોને, નકલ કરવાવાળાઓને, સમારકામ કરવાવાળાઓને. બોલાવો ચોકસાઈ રાખવાવાળાઓને. નવરા નિંદકોને છે જ શું બીજું? એમને ખાવાનું મળતું નથી એટલે નિંદા કરે છે.'

જવાબ સાંભળીને રાજાએ પરિસ્થિતિ તપાસી. ઉંડાણપૂર્વક સમજ્યા, અને અંતે ભાણીયાના ગળામાં સોનાનો કિંમતી હાર પહેરાવી દીધો.



અભ્યાસ કેટલી ઝડપથી ચાલી રહ્યો છે, એની વાસ્તવિકતા જાણવાની રાજાને ઈચ્છા થઈ કે પોતે જાતે જ બધી તપાસ કરે.

એટલે એક દિવસ એ પોતાનો એક વિશ્વાસુ મંત્રી, દીવાન અને મિત્રો સાથે વિદ્યાલયનું નિરીક્ષણ કરવા ગયા.

એમના દર્શન થતાં જ દરવાજા પાસે, શંખ, ખંજરી, ઢોલ, ત્રાંસા, મંજીરા, બંસી,મૃદંગ, શરણાઈ, કરતાલ વાગવા લાગ્યા. પંડિતગણ ગળું ખેંચી ખેંચીને, ચપટી વગાડી વગાડીને મંત્રોચ્ચાર કરવા લાગ્યા. મિસ્ત્રી, મજૂર, સોની, નકલકરનારા, પહેરેદાર અને બધાની વચ્ચે મામાના, કાકાના, માસીના ભાઈઓ બુલંદ સ્વરમાં જય જયકાર કરવા લાગ્યા.





મોટો ભાણીયો બોલ્યો, "મહારાજ ધ્યાનથી જૂઓ, બધો જ કારભાર તમારી સામે છે, કશું છૂપાયેલું નથી. વળી, તમારી આંખો તો પર્વતને પણ ભેદીને સ્પષ્ટ જોઇ શકે છે."

મહારાજ બેહદ ખુશ થઈને પાછા ફર્યા. દરવાજાને પસાર કર્યા પછી હાથી પર સવાર થવાના જ હતા કે ટોળામાંથી એક નિંદકે કહ્યું, "હજૂર આપે પક્ષીને જોયું કે નહિ?"

પહેલા તો મહારાજ ચોંક્યા, પછી જાતને સંભાળતા બોલ્યા, "અરે એ તો હું ભૂલી ગયો. પક્ષીને જોવાનું ધ્યાન જ ન રહ્યું."
પાછા ફરીને પંડિતોને પૂછ્યું, "પક્ષીને તમે કેવી રીતે શિખવાડો છો? શું શિખવાડો છો? જરા એને જોવાની ઇચ્છા હતી."



રાજાની ઇચ્છાનુસાર તેમને બધું જ બતાવવામાં આવ્યું અને એ જોઇને રાજા ખૂબ ખૂશ થયા. પણ પક્ષીને શિખવવાનો કારભાર એટલો મોટો હતો કે પક્ષી ક્યાંય દેખાતું જ નહોતું. રાજાએ પણ વિચાર્યું- હવે એને જોવાની શી જરૂર છે? રાજા હતો બુધ્ધિમાન. એ તરત જ સમજી ગયો કે બંદોબસ્તમાં કોઇ કસર નથી.

પિંજરામાં ન હોતા દાણા કે નહોતું પાણી. હતી ખાલી વિદ્યાની ભરમાર. ઘણીબધી પોથીઓના ઘણાબધા પાનાં ફાડી ફાડીને કલમની અણીથી પક્ષીના મોંમા ખોસી રહ્યા હતા. આ વખતે રાજાએ હાથી પર બેસતી વખતે કાન આમળનારા સરદારને આદેશ આપ્યો કે નિંદકના બંને કાનને સારી રીતે ખેંચી આપે.





પક્ષી દિવસે દિવસે ભણેલા ગણેલા લોકોના વ્યવહારને કારણે અધમૂવું થઇ ગયું હતું. લોકો સમજી ગયા કે પ્રગતિ ઘણી આશાજનક છે. પણ પક્ષીની પોતાની પ્રકૃતિ હતી. પક્ષી પૂર્વ દિશામાં સૂર્યના અજવાળાની સામે ટગર ટગર જોતું અને સાહસપૂર્વક જંગલી રીતે પોતાની પાંખો ફફડાવતું. એટલું જ નહીં પણ કેટલીક વખત તો એવું પણ જોવામાં આવ્યું કે તેના ચાંચની અણીથી અમૂલ્ય પિંજરાની સળીઓ કાઢવાની પણ ચેષ્ટા કરતું હતું.



ચોકી કરનારાઓએ જ્યારે આ જોયું ત્યારે તે ભ્રમર તાણીને બોલ્યો, 'આ તે કેવો અવિવેક?'

ત્યાં તો વિદ્યાશાળામાં અર્થાત પક્ષીની સ્કુલમાં છીણી હથોડી સાથે લુહાર હાજર થઇ ગયો. પછી ઠકાઠક અને ધમાધમનું ઉમદા સંગીત શરૂં થયું. જોત જોતામાં પક્ષીના પગે લોઢાની બેડીઓ લાગી ગઈ. અને પછી જોતજોતમાં પક્ષીની પાંખ પણ કપાઇ ગઇ.

રાજાના તુંડમિજાજી સંબંધીઓએ મોઢું ફુલાવી માથું હલાવી કહ્યું, "આ રાજ્યના પક્ષીઓની તો વાત જ ન કરશો. અક્કલતો તેઓમાં હતી જ નહિ. હવે તો કૃતજ્ઞતા પણ નથી રહી."



લુહારની મજૂરી દિવસે દિવસે વધતી ગઈ અને લુહારણના શરીર પર સોનાના દાગીના ચમકવા લાગ્યા. ચોકીદારની હોશિયારી જોઈને રાજાએ તેને મોટું ઈનામ આપ્યું.

પક્ષી મરી ગયું. ક્યારે મર્યુ તેની સાચી તિથી કોઈ ઈતિહાસકાર શોધી ન શક્યા. છીંકણી સુંઘનારા નિંદકો પ્રચાર કરવા લાગ્યા, "પક્ષી તો મરી ગયું."





રાજાએ સૌથી મોટા ભાણીયાને બોલાવીને પૂછ્યું, "આ હું શું સાંભળી રહ્યો છું?"

ભાણીયાએ હાથ જોડીને વિનંતિ કરતા કહ્યું, "મહારાજ પક્ષીનું ભણતર પૂરું થયું.'

રાજાએ પૂછ્યું, "શું હજી પણ તે કુદાકુદ કરે છે ?"

ભાણીયાએ નિસાસો નાખીને કહ્યું, 'હવે રામ ભજો.'

"ઉડે છે?"

"ના"

"ગાય છે?"

"ના"

રાજાએ કહ્યું, 'એકવાર પક્ષીને લાવીને બતાવો.' પક્ષી આવ્યું. સાથે ચોકીદાર સિપાઈઓ અને ઘોડેસવારો.



રાજાએ આંગળીથી પક્ષીને દબાવ્યું- ન એના મોઢેથી ઉંહકારો નિકળ્યો, ન તો ધીમી ચીસ નીકળી, અને ન તો તેના પાંખવિહોણા શરીર પર કંઈ અસર થઈ. ફક્ત એના પેટમાં રહેલા પોથીઓના સૂકા પાન સળવળવા માંડ્યા.

બહાર, નવી વસંતની દક્ષિણી લહેરમાં બધી કળીઓએ અને બધા ફુલોએ એક ઊંડો નિસાસો નાંખ્યો.





નાનાં નાનાં ભૂલકાં જેવા
રમવા જોગાં બાળ,
રમતાં રમતાં શોધતો એવો
શાળાઓ ક્યાં આજ !
અરે ! મને ખૂંચતું એટલું આજ !

- મુરલી ઠાકુર

